### સ્માર્ટ પસંદગી કરવા માટે હમણાં જ અમારો સંપર્ક કરો

| | |
|---|---|
| વેબસાઈટ | reliancegeneral.co.in |
| કોલ કરો | 1800 3009 (ટોલ ફ્રી)<br>022-4890 3009 (પેઈડ) |
| વ્હોટ્સએપ | 74004 22200 |

### અમારા વીમા સલાહકારનો સંપર્ક કરો

શું તમને BroBot સ્પીડ જોઈએ છે?
તો અમારી સાથે ડિજિટલ બનો.

RELIANCE Selfi — App Store — Google Play

**રિબેટ્સની મનાઈ - વીમા કાયદા (સુધારણા) ધારા 2015 દ્વારા સુધારિત મુજબ વીમા ધારા 1938ની કલમ 41.** યોજનામાં દર્શાવવામાં આવેલા પ્રીમિયમનું કોઈ પણ રિબેટ અથવા ચૂકવવાપાત્ર કમિશન સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રિબેટ, ભારતમાં જીવન અને મિલકત સંબંધી જોખમના કોઈ પણ પ્રકાર સંબંધમાં વીમો લેવા અથવા નવીનીકરણ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને આગ્રહ કરીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વીમા આપવાની કોઈ પણ વ્યક્તિને મંજૂરી નથી અથવા આવી ઓફર નહીં કરી શકશે કે કોઈ પણ વ્યક્તિ યોજના લેતી હોય અથવા નવીનીકરણ કરતી હોય અથવા ચાલુ રાખતી હોય તે કોઈ પણ રિબેટ સ્વીકારશે નહીં, સિવાય કે આવું રિબેટ વીમા કંપનીના પ્રસિદ્ધ કરેલા પત્રક અથવા કોષ્ટક અનુસાર મંજૂરી આપવામાં આવી હોય. કોઈ પણ વ્યક્તિ આ કલમની જોગવાઈનું પાલન કરવામાં કસૂર કરશે તો દંડ સાથે સજાપાત્ર રહેશે, જે ₹10 લાખ સુધી હોઈ શકે છે.

**લાભો, રક્ષણ, નિયમો અને શરતો અને અપવાદો પર સંપૂર્ણ વિગતો માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.inની વિઝિટ કરો અને વીમો લેવા પૂર્વે વેચાણ પત્રક, સૂચીપત્ર અને પોલિસી શબ્દાંકન ધ્યાનપૂર્વક વાંચો. કર કાયદા ફેરફારને આધીન છે.**

**આઈઆરડીએઆઈ નોંધણી નં. 103. રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ,**
નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલયઃ રિલાયન્સ સેન્ટર, સાઉથ વિંગ, 4થો માળ, વેસ્ટન એક્સપ્રેસ હાઈવે નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 055. કોર્પોરેટ આઈડેન્ટિટી નંબરઃ U66603MH2000PLC128300.
રિલાયન્સ ટુ–વ્હીલર પેકેજ પોલિસી UIN: IRDAN103RP0011V02100001.
ટુ–વ્હીલર માટે ડેઈલી એલાવન્સ બેનિફિટ UIN : IRDAN103RP0011V02100001/A0002V02201415.
ટુ–વ્હીલર માટે હેલ્મેટ રક્ષણ UIN : IRDAN103RP0011V02100001/A0033V02200910.
ટુ–વ્હીલર માટે ઈએમઆઈ રક્ષણ UIN : IRDAN103RP0011V02100001/A0007V02201415.
ટુ–વ્હીલર માટે શૂન્ય ઘસારો UIN : IRDAN103RP0011V02100001/A0004V02200910.
ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો અનિલ ધીરુભાઈ અંબાણી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડનો છે અને રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે. દરો ફક્ત થર્ડ પાર્ટી માટે નિશ્ચિત કરાયા છે* કૃપા કરીને કોઈ પણ શબ્દ કે અર્થ સ્પષ્ટ રીતે સમજવા માટે અંગ્રેજી પત્રક પણ જુઓ*

RGI/MCOM/CO/RTWPP/BR/VER.2.0/131120.

અમારી સાથે જોડાઓ

An ISO 9001:2015 Certified Company

## અમે આ આવરી લેવાનું વચન આપીએ છીએ.

**વાહનને હાનિ (મોટર વેહિકલ એક્ટ અનુસાર)**

- સમારકામ/ફેરબદલી માટે ખર્ચ કરાતી વાસ્તવિક રકમ
- ટાયરો (ફેરબદલી ખર્ચના 50%), પ્લાસ્ટિક/રબરના પાર્ટસ (50%), ફાઈબર ગ્લાસ કમ્પોનન્ટ્સ (30%) અને કાચના પાર્ટસ (શૂન્ય)ને હાનિઓ
- લાકડાના પાર્ટસ સહિત અન્ય પાર્ટસને હાનિઓ

**થર્ડ પાર્ટી લાયેબિલિટી (મોટર વેહિકલ એક્ટ અનુસાર)**

- થર્ડ પાર્ટીનું મૃત્યુ કે શારીરિક ઈજા
- ટુ–વ્હીલરમાં વહન કરાતી કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ કે શારીરિક ઈજા, જો તે વીમિત વ્યક્તિના કર્મચારી નહીં હોય અને ભાડે અથવા પુરસ્કાર માટે વહન નહીં કરાતા હોય
- થર્ડ પાર્ટીની માલમતાને હાનિ

## દાવો કરવાની આસાન રીત

તમારા દાવા વિશે તુરંત 1800 3009 પર કોલ કરીને જાણ કરો અથવા રિલાયન્સ સેલ્ફી એપનો ઉપયોગ કરો

તમારું ટુ–વ્હીલર સમારકામ માટે કોઈ પણ ગેરેજમાં લઈ જાઓ.
**કેશલેસ દાવા માટેઃ** અમારી કંપનીનાં અધિકૃત નેટવર્કના ગેરેજો દ્વારા સમારકામ કરાવી લો. અમે ચૂકવવાપાત્ર રકમ સુધી સીધા જ ગેરેજને સમારકામનાં બિલોની પતાવટ કરીશું.
**ભરપાઈના દાવા માટેઃ** જો તમે તમારી પસંદગીના ગેરેજમાં સમારકામ માટે લઈ જાઓ તો તમે સમારકામનાં શુલ્ક ચૂકવી શકો છો અને ત્યાર પછી પતાવટ માટે અમને સમારકામનાં બિલો અને રસીદો સુપરત કરી શકો છો

જરૂરી દસ્તાવેજો સર્વેયર/આરજીઆઈને સુપરત કરો અને ત્યાર પછી સર્વેયર/આરજીઆઈ દ્વારા આપવામાં આવતા આકલન અનુસાર સમારકામ માટે આગળ વધો

વાહન સમારકામ થઈ ગયા પછી ઈન્વોઈસ આરજીઆઈને સુપરત કરવામાં આવે છે, જે અનુસાર આરજીઆઈ લાયેબિલિટી અને વાહનની ડિલિવરી અંગે સમર્થન આપે છે

## અમે તમને અમને તેમને પણ આવરી લઈએ છીએ

આ વ્યાપક રક્ષણ તમારા ટુ–વ્હીલરને હાનિ અને થર્ડ–પાર્ટીની માલમતા અથવા અસર પામનાર વાહનને પણ આવરી લે છે.

## આ પોલિસી હેઠળ આવરી લેવાતાં જોખમો

પોલિસી નિમ્નલિખિતને લીધે વાહનને હાનિ અથવા નુકસાનને આવરી લે છેઃ

- અકસ્માત
- આગ
- વીજ ત્રાટકવી
- સેલ્ફ–ઈગ્નિશન
- વિસ્ફોટ
- ચોરી, હુલ્લડ, હડતાળ, અથવા બદઈરાદાનું કૃત્ય
- આતંકવાદ
- ધરતીકંપ
- પૂર
- વાવાઝોડું
- પ્રચંડ પૂર
- રેલ, માર્ગ, હવાઈ અને એલીવેટર દ્વારા ટ્રાન્ઝિટ

## પોલિસી બધું જ આવરી લે છે, સિવાય કે^

અમે બધા માટે તમને આવરી લેવા માગીએ છીએ. જોકે દાવો કરવા સમયે તમને કોઈ અસુખદ આશ્ચર્યોનો સામનો નહીં કરવો પડે તેની અમે ખાતરી રાખવા માગીએ છીએ, જેથી પોલિસીમાં અમુક મુખ્ય અપવાદો છે.

- વાહનનો સાધારણ ઘસારો
- યાંત્રિક અને વિદ્યુત બગાડ
- વાહનના ઉપયોગની મર્યાદાઓ અનુસાર સિવાય ઉપયોગ કરવામાં આવે. દા.ત. જો તમે મહેનતાણા માટે તમારું ટુ–વ્હીલર ઉપયોગ કરો.
- પ્રમાણિત ડ્રાઈવિંગ લાઈસન્સ વિના સવારી કરનાર વ્યક્તિને/તેના દ્વારા હાનિ
- શરાબ સેવન અથવા કોઈ પણ અન્ય નશીલા પદાર્થનું સેવન કરીને સવારી કરવા સમયે ઉદભવેલું નુકસાન કે હાનિ
- પરિણામકારી નુકસાન–જો મૂળ હાનિ પૂરતી–હાનિ/નુકસાન પેદા કરે તે ફક્ત મૂળ હાનિ જ આવરી લેવાશ.
- ફરજિયાત કપાત–દાવાના સમયે એક નિશ્ચિત રકમ કપાઈ જશે.

^આ યાદી સાંકેતિક છે. સામાન્ય અને કાયમી અપવાદોની વિગતવાર સમજ માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

Digital India Power To Empower | RELIANCE GENERAL INSURANCE | CSC E-Governance Services India Limited

મોટર ઈન્શ્યુરન્સ

# રિલાયન્સ ટુ–વ્હીલર પેકેજ પોલિસી

## સવારી કઠોર અથવા ચપળ હોઈ શકે છે, પરંતુ અમે તેને ખરેખર ઝડપથી આવરી લઈએ છીએ.

Tech+ ❤ = Live Smart





તમે નોકરી નિમિત્તે નવા શહેરમાં ગયા હોય અથવા કોલેજમાં બહેતર ગ્રેડ મળ્યો હોય, નવી ટુ-વ્હીલર મેળવવા માટે તમારી પાસે કારણ ગમે તે હોય, તમારે માટે તે યાદગાર ખરીદીમાંથી એક બની રહેવાની છે. આથી ગમે તે સંજોગોમાં પણ તમારા ટુ-વ્હીલર સાથે તમારી સવારી આસાન રહે અને જો સવારીમાં કશુંક કઠોર બને તો તમને મદદરૂપ થવા માટે ઝંઝટમુક્ત વીમા હંમેશાં જરૂરી રહેશે. આથી જ રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે તમારે માટે એવું વીમા રક્ષણ લાવ્યા છીએ, જે તમને તમારા ટુ-વ્હીલરની સંભાળ માટે શું જરૂર છે તે જાણવા સાથે ઝડપી સહાય માટે ટેકનોલોજીની લિધા તમને આપે છે.

## રિલાયન્સ ટુ-વ્હીલર પેકેજ પોલિસી

**Tech + ❤ સાથે ન્યૂ *Live* Smart છે**

મોટર વેહિકલ્સ એક્ટ અનુસાર થર્ડ-પાર્ટી લાયેબિલિટી રક્ષણ તમારા ટુ-વ્હીલર માટે ફરજિયાત છે.

## પસંદગી કરવા માટે 5 સ્માર્ટ કારણો

### શું અમે ખરેખર ઝડપી એવું કહ્યું ખરું!

શું વીમા પોલિસી લેવાનું તમને મુશ્કેલ કામ લાગે છે. તેથી જ તમે હવે પછી આવું નહીં વિચારો એવું અમે ચાહીએ છીએ. તમારે આટલું જ ધ્યાન રાખવાનું છે, તમારી પાસે તમારી જૂની પોલિસી હોવી જોઈએ અને 60 સેકંડમાં પોલિસી મેળવવા માટે તમારા ફોનમાં કેમેરા હોવા જોઈએ. ઓસીઆર ટેકનોલોજી-પાવર્ડ રિલાયન્સ સેલ્ફી એપનો ઉપયોગ કરીને ફક્ત સ્કેન કરો, રિવ્યુ કરો અને ચુકવણી કરો. આને જ ઝડપી કહેવાય કે નહીં!

### એક પોલિસી. અલગ અલગ જરૂરતો

અમે પસંદગી કરવાની તમને આઝાદી આપીએ છીએ. વીમા રક્ષણ બધાં ટુ-વ્હીલર્સને સામાન્ય રક્ષણ આપે છે, પરંતુ તે રક્ષણની જરૂરત તમે જ્યાં રહો છો ત્યાંથી તમે કેટલું ડ્રાઈવ કરો છો તેની પર આધાર રાખે છે. આથી, અમારી પાસે તમારી પસંદગી અને જરૂરતોને આધારે અપનાવવા માટે ઘણા બધા એડ-ઓન્સ મળશે.

### તમે જ્યાં પણ હોય ત્યાંથી નજીક.

1200+ નેટવર્કનાં ગેરેજોના વિશાળ નેટવર્ક સાથે તમે ડ્રાઈવ કરશો તે શહેરના કોઈ પણ ભાગથી અમે નજીક છીએ. સૌથી સારી વાત એ છે કે અમે સર્વત્ર કેશલેસ દાવાની સુવિધા આપીએ છીએ, જેનો અર્થ તમારું ટુ-વ્હીલર સમારકામ થાય ત્યારે તમે નિશ્ચિંત રહી શકો છો અને અમે ગેરેજ સાથે સીધા જ દાવાની પતાવટ કરીશું.

### અમે ફક્ત એક વિડિયો સ્ટ્રીમ દૂર છીએ.

તમારા ટુ-વ્હીલરમાં બગાડને લીધે તમે ટ્રાફિકમાં અથવા હાઈવે ફસાઈ ગયા હોય તો તમારા ફોન પર બસ ટેપ કરો, રિલાયન્સ સેલ્ફી એપ ખોલો અને તુરંત દાવા સહાય મેળવવા માટે અમારી સાથે લાઈવ સ્ટ્રીમ કરો. અમે ઘટનાસ્થળ પર જ સમારકામ માટે ઝડપથી સપોર્ટની તુરંત વ્યવસ્થા કરીશું અથવા વાહનને ઝડપથી સમારવા માટે નજીકના ગેરેજમાં લઈ જઈશું.

### દાવો નહીં, બોનસ હા.

પોલિસી વર્ષ દરમિયાન કોઈ દાવો નહીં કરાય તો નિશ્ચિત જ તમારું ટુ-વ્હીલર અને તમારા વીમા પ્રીમિયમ માટે પણ સારી વાત છે, કારણ કે એનસીબી (નો ક્લેઈમ બોનસ) સાથે તમારા પ્રીમિયમ પર 50% સુધી પ્રીમિયમ તમે જમા કરી શકો છો. ઉપરાંત પ્રીમિયમ રકમ ઓછું કરવાનું પસંદ કરી શકો તેવો સ્વૈચ્છિક કપાતપાત્ર વિકલ્પ છે. ₹500થી ₹1500 વચ્ચે કપાતપાત્ર પસંદ કરો તો પ્રીમિયમ 5%થી 20% ઓછપં થશે.

## એડ-ઓન! કારણ કે તમને તેની જરૂર છે

### શૂન્ય ઘસારા સાથે સંપૂર્ણ રક્ષણ

તમે વ્યાપક રક્ષણમાં આવો એક દાવો કરો ત્યારે મોટે ભાગે રબર, નાયલોન, ફાઈબર વગેરેના બનેલા બદલી કરી શકાતા પાર્ટસના ઘસારાના ખર્ચને કાપી લીધા પછી તમને દાવો ચૂકવવામાં આવે છે. શૂન્ય ઘસારા રક્ષણ અથવા તે માટે લોકપ્રિય શબ્દ બમ્પર-ટુ-બમ્પર રક્ષણ આ કપાતથી તમારો બચાવ કરે છે અને સંપૂર્ણ દાવાની ભરપાઈ તમને અપાવી શકે છે. આથી જો તમે નવી બાઈક ધરાવતા હોય અથવા તમે નવા રાઈડર હોય અથવા ભારે ટ્રાફિક વચ્ચે શહેરમાં ડ્રાઈવિંગ કરતા હોય તો આ રક્ષણ લો.

### રોજની સવારી અનિવાર્ય છે

હાનિઓ સર્જાઈ શકે એ વાસ્તવિકતા આપણે નકારી નહીં શકીએ! આપણા વાહનને તે સ્થિતિમાં આપણે જોવા માગતા નથી છતાં આપણે યોગ્ય સમારકામ માટે તેને ગેરેજમાં છોડવાનું અને આપણા પોતાની પર પ્રવાસ કરવાનું જરૂરી છે. તમારે પ્રવાસ માટે ખિસ્સામાંથી ખર્ચ કરવા પડે ત્યારે સમસ્યા શરૂ થાય છે. જોકે હવે ચિંતા નહીં કરો, કારણ કે જો તમારું વાહન સમારકામ માટે 2 દિવસથી વધુ અધિકૃત નેટવર્કના ગેરેજમાં રહે તો અમારું ડેઈલી એલાવન્સ બેનિફિટ# એડ-ઓન રોજના ₹5000 સુધીની એલાવન્સની મર્યાદા તમને પૂરી પાડવા રક્ષણ આપે છે.



## અને તમારું મન બનાવવા માટે 2 વધુ મુદ્દા

### વાહન થોભે છે, પરંતુ ઈએમઆઈ નહીં

અમુક વાર હાનિ આપણે માટે અને તમારા ટુ-વ્હીલર માટે પણ સાજી થવામાં સમય લે છે. તમારું વાહન 30થી વધુ દિવસ અધિકૃત સર્વિસ સેન્ટરમાં સમારકામ હેઠળ હોય ત્યારે તમારી ચાલતી ઓટો-લોનના ઈએમઆઈનું અમે ધ્યાન રાખીએ છીએ. હા, ઈએમઆઈ પ્રોટેકશન રક્ષણ સાથે અમે તમારી ટુ-વ્હીલરની લોનના 3 મહિના સુધીના ઈએમઆઈ સીધા જ બેન્કમાં ભરીએ છીએ. આથી જો તમારી ઉચ્ચ મૂલ્યની સપનાની બાઈક લોન પર ખરીદી કરી હોય અથવા જો તમારા સ્કૂટરનું સમારકામ વધુ સમય લે તો તમારી નાણાકીય બચતમાં અવરોધ આવી શકે છે, જેમાંથી બચવા આ રક્ષણ જરૂર લો.

### હેલ્મેટ જરૂરી છે તે જ રીતે રક્ષણ પણ

તમે ટુ-વ્હીલર પર સવારી કરો ત્યારે હેલ્મેટ પહેરવાનું અત્યંત મહત્ત્વપૂર્ણ અને જરૂરી એસેસરી ગિયર છે. આથી તેની સાથે બાંધછોડ નહીં કરો અને નિશ્ચિત જ તને આવરી લેવા પણ બાંધછોડ નહીં કરો. હેલ્મેટ કવર** એડ-ઓન વીમિત વાહનને સંડોવતા અકસ્માતને લીધે તે જ પ્રકાર અને મોડેલની હાનિગ્રસ્ત અથવા નષ્ટ હેલ્મેટ ફેરબદલી કરવાના ખર્ચ સામે એલાવન્સ આપે છે.

#એલાવન્સ મર્યાદા દિવસના ₹5000/- છે. જો વાહન <=90 દિવસમાં રિકવર નહીં થાય તો એકસામટી રકમનો ચોરીનો લાભ. પોલિસીના સમયગાળા અનુસાર 2 દાવા લાગુ છે.

**પોલિસીની સમયગાળા દરમિયાન મહત્તમ એક અખસ્માત માટે જ લાગુ રહેશે અને ચોરીના દાવા માટે ઉપલબ્ધ નથી. વીમિત દ્વારા અપનાવવામાં આવેલી વીમિત રકમના 5% કપાતપાત્ર છે અને કથળવાથી, ઘસારાથી પેદા થતી હાનિને આવરી લેવાતી નથી.

રિલાયન્સ ટુ-વ્હીલર પેકેજ પોલિસી. UIN: IRDAN103RP0011V02100001.